PGVCL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PGVCL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૯૧/કવા–૦૨/૧૬–૧૭/ ૮૬૬૯ તા. ૨૨/૦૯/૧૬

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
સવદાસભાઈ કેશવભાઈ ખુટી,
ચામુંડા કૃપા, બોખીરા બાયપાસ રોડ,
ગાયત્રી ટીમ્બર્સ ની પાસે,
ગામ: બોખીરા,
તા.જી. પોરબંદર–૩૬૦૫૭૯
મો: ૭૩૫૯૬ ૨૦૩૮૨, ૮૭૫૮૫ ૭૨૪૦૧

વિષય :–વીજબીલ બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૦૮–૦૯–૧૬ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૯૧/કવા–૦૨/૧૬–૧૭ )

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

( કે. ડી. વીરડીયા )
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. 2 )

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી ,પોરબંદર
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વિભાગીય કચેરી , પોરબંદર
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, કોસ્ટલ પેટા વિભાગીય કચેરી, પોરબંદર

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

No: 06/A

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

| કેસ નં. : સીજીઆરએફ : ૯૧/ક્વા–૦૨/૧૬–૧૭ | કમિટિ મીટીંગ તા.~~૨૦–૦૯–૧૬~~ ૨૧/૦૯/૧૬ | સ્થળ :જુનાગઢ |
|---|---|---|

**પક્ષકાર નં.: –(૧) અરજદાર (ફરીયાદી) :**

**અરજદાર (ફરીયાદી) : નામ: સવદાસભાઈ કેશવભાઈ ખુટી, ગામ: બોખીરા,**

**રજુઆત કરનાર : અરજદાર શ્રી સવદાસભાઈ કેશવભાઈ ખુટી હાજર રહેલ હતા.**

**વિરૂધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : કોસ્ટલ પેટા વિભાગીય કચેરી, પોરબંદર (કાર્યક્ષેત્ર : શહેર વિભાગીય કચેરી , પોરબંદર)**

**રજુઆત કરનાર :જે.ડી.પાનખાણીયા, નાયબ ઈજનેર (ટેક) શહેર વિભાગીય કચેરી , પોરબંદર હાજર રહેલ હતા.**

## : હુકમ :

**ફરીયાદ : વીજબીલ બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદ્દાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | જણાવે છે કે, તેઓના ગામ: રાતડી ખાતે ના ઓદ્યોગીક વીજજોડાણ નં.: ૩૫૩૦૫/૦૦૧૯૬/૦ નુ મીટર ચોરાઈ ગયા હોવા સબબ ની, પીજીવીસીએલ ની સુચના મુજબ ની, તેઓ શ્રી એ તા.૦૯–૦૯–૧૪ ના રોજ, પોલીસ મા ફરીયાદ નોધાવેલ હતી. તેમજ, તા.૧૫–૦૯–૧૪ ના રોજ, સદર જોડાણ કાયમી ધોરણે રદબાતલ કરવાની પીજીવીસીએલ મા અરજી પણ આપેલ હતી. આ સમયે પીજીવીસીએલ ની બાકી લેણી રકમ રૂ.૪૫૦/– પણ તેઓએ તા.૧૫–૦૯–૧૪ ના રોજ પીજીવીસીએલ મા ભરપાઈ કરી આપેલ હતી. તેમ છતા, પીજીવીસીએલ તરફથી આજદિન સુધી તેમનુ જોડાણ કાયમી ધોરણે રદબાતલ કરેલ નથી. આવા કારણોસર, તા.૧૫–૦૯–૧૪ થી તેઓના જોડાણ મા, પીજીવીસીએલ તરફથી, મુદલ રકમ રૂ.૩,૮૭૭/– તેમજ વ્યાજની રકમ રૂ.૧,૦૯૩/– એમ કુલ રકમ રૂ.૪,૯૭૦/– જે, પીજીવીસીએલ તરફથી પ્રી–લીટીગેશન ની તા.૧૦–૦૯–૧૬ ની નોટીસ આપી અને વસુલ કરવાની કાર્યવાહી કરાયેલ છે. ત્યારબાદ, તેઓએ વારંવાર લેખીત સ્પષ્ટતાઓ કરવા છતા, પીજીવીસીએલ તરફથી, તેઓ શ્રી નુ સદર જોડાણ તા.૧૫–૦૯–૧૪ ની સ્થિતીએ કાયમી ધોરણે રદબાતલ કરેલ ન હોય, પીજીવીસીએલ ની આ કાર્યવાહી તેઓને નિયમાધીન યોગ્ય અને વ્યાજબી જણાયેલ ન હોય, આવા કારણોસર, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ, ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર શ્રી ની મુદદા નં. ૨.૧ મુજબ ની ફરીયાદ ના અનુસંધાને, પીજીવીસીએલ ની સબંધક પેટા વિભાગીય કચેરી તરફથી, અરજદાર શ્રી ના ગામ: રાતડી ખાતે ના ઓદ્યોગીક વીજજોડાણ નં.: ૩૫૩૦૫/૦૦૧૯૬/૦, કે જેનુ મીટર, તા.૦૮–૦૭–૧૪ ના રોજ ચોરાઈ ગયેલ હતુ. અને આ બાબતે ની અરજદાર શ્રી એ, તા.૧૪–૦૭–૧૪ ના રોજ, પીજીવીસીએલ મા ફરીયાદ અરજી રજુ કરી અને, તા.૦૯–૦૯–૧૪ ના રોજ પોલીસ મા ફરીયાદ નોધાવેલ હતી. તદઉપરાંત, સદર જોડાણ મા, બાકી રહેતી એવી તમામ લેણી રકમ રૂ.૫૨૦/– પીજીવીસીએલ મા ભરપાઈ કરી અને તા.૧૫–૦૯–૧૪ ના રોજ, સદર જોડાણ ને કાયમી ધોરણે રદબાતલ કરવાની પીજીવીસીએલ મા અરજી પણ આપેલ હતી. ફરીયાદી અરજદાર ની સદર અરજી પરત્વે જે તે સમયે, કોઈ કાર્યવાહી થઈ શકેલ ન હોય, જેથી હાલ ના તબક્કે, અરજદાર શ્રી ના સદર જોડાણ મા કોઈ બાકી લેણી રકમ વસુલાત પાત્ર રહેતી ન હોય, અને અરજદાર શ્રી ની અરજી પણ, સદર જોડાણ ને કાયમી ધોરણે રદબાતલ કરવાની માંગણી મુજબ ની હોય, તે બાબત ને ધ્યાને લઈને, ત્વરીતે કાર્યવાહી હાથ ધરી અને અરજદાર શ્રી નુ સદર જોડાણ, જે અગાઉ પીજીવીસીએલ તરફથી, તા.૦૩–૦૮–૧૬ ના રોજ કાયમી ધોરણે રદબાતલ થયેલ હોવાની, સ્થળ પર ની રૂબરૂ મુલાકાત લઈ અને ચકાસણી કરી ને, સદર જોડાણ ને, વિધીવત રીતે, સદર જોડાણ ના બીલીંગ ખાતામા, તા.૧૬–૦૮–૧૬ ની અસર થી, કાયમી ધોરણે રદબાતલ કરવામા આવેલ છે. જેથી, જોડાણ, ઓગષ્ટ–૧૬ મા કાયમી ધોરણે રદબાતલ થઈ ચુકેલ હોય, હવે સદર જોડાણ મા કોઈ બીલીંગ કાર્યવાહી કરવામા આવશે નહી. પીજીવીસીએલ ની સબંધક કચેરીએ, આ મુજબ ની જાણકારી આપતો, અરજદાર શ્રી ને તા.૨૦–૦૯–૧૬ ના રોજ, લેખીત પ્રત્યુતર પત્ર નંબર: ૨૪૩૯, જે ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની જાણકારી હેઠળ પાઠવી, અને અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે. |

**મુદ્દા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદ્દા નં. ૧.૧ મુજબ ની વિગતે ની ફરીયાદ, અને ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને કરાયેલ મૌખીક રજુઆત, તેમજ પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદ્દા નં.૨.૧ મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | ફરીયાદી અરજદાર શ્રી ની, સવાલવાળી, જે પીજીવીસીએલ પક્ષકાર તરફથી મુદ્દા નં. ૨.૧ મુજબ ની વિગતે, અરજદાર શ્રી ની મુખ્ય માંગણી મુજબ ની ફરીયાદ, એટલેકે તેમના જોડાણ ને કાયમી ધોરણે રદબાતલ કરી અને બીલીગ બંધ કરવા માટે ની કાર્યવાહી, જે પીજીવીસીએલ પક્ષકાર તરફથી, તા.૧૬–૦૮–૧૬ ની અસર થી, તેમનુ જોડાણ કાયમી ધોરણે રદબાતલ કરી અને બીલીગ પણ બંધ કરવાની કાર્યવાહી, જે અરજદાર શ્રી ને, પીજીવીસીએલ તરફથી લેખીત પત્ર સાથે ની જાણકારી આપી અને, પીજીવીસીએલ તરફથી પૂર્ણ કરી, અને અરજદાર ની ફરીયાદ નુ, પીજીવીસીએલ તરફથી નિરાકરણ કરાયેલ છે. |

**મુદ્દા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદ્દા નં. ૩.૧ મુજબ ની વિગતે, અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ થયેલ છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી)
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(એમ.એન.ઓઝા)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી **સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ–૩૮૦ ૦૧૫''** સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમના ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે..